પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫ | ૧૭ માર્ચ, ૨૦૧૭, શુક્રવાર ; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પંજાબમાં કેપ્ટન અમરિન્દરની તાજપોશી

**પંજાબમાં રાજભવન ખાતે ભવ્ય શપથવિધિ કાર્યક્રમ યોજાયો : નવજોત સિદ્ધુ કેબિનેટ મંત્રી : શપથવિધિ કાર્યક્રમમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘ, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમજ અન્યોની હાજરી**



ચંદીગઢ,તા. ૧૬

પંજાબમાં મુખ્યમંત્રી તરીકે આજે અમરિન્દરસિંહની તાજપોશી કરવામાં આવી હતી. પંજાબના રાજયપાલ વી.પી. સિંહે હોદ્દા અને ગુપ્તતાના શપથ અમરિન્દરસિંહને લેવડાવ્યા હતા. રાજ ભવન ખાતે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં તમામ અન્ય મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ૭૫ વર્ષીય અમરિન્દરસિંહ બીજી વખત પંજાબના મુખ્યમંત્રી બન્યા છે. અગાઉ તેઓ વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ના ગાળા દરમ્યાન પંજાબના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસના તમામ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. નવજોત સિદ્ધુએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. પંજાબમાં કોંગ્રેસની સરકારના શપથ ગ્રહણ સમારોહમાં નવજોત સિદ્ધુ ભાવનાશીલ બની ગયો હતો. પંજાબના મંત્રી પદના શપથ લીધા બાદ કેપ્ટન અમરિન્દરસિંહના ચરણ સ્પર્શ કર્યા હતા. જયારે અમરિન્દરસિંહના શપથ બાદ તરત જ સિદ્ધુને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. પૂર્વ ક્રિકેટર તથા ભાજપ છોડીને કોંગ્રેસમાં શામેલ થયેલા નવજોત સિદ્ધુએ શપથ લીધા બાદ અટકળોનો દોર રહ્યો હતો. સિદ્ધુ આ વર્ષે જાન્યુઆરી મહિનામાં જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થયા હતા. સિદ્ધુ પોતે અમૃતસર

● અનુસંધાન પાન-૭ પર

## મનોહર પારિકર ગોવામાં વિશ્વાસનો મત જીત્યા

**રાજકીય અનિશ્ચિતતાનો અંત : કોંગ્રેસના ધારાસભ્ય વિશ્વજીત રાણે પણ મહત્વપૂર્ણ ફ્લોર ટેસ્ટ દરમિયાન ગેરહાજર રહ્યા : કોંગ્રેસમાંથી રાજીનામું**



પણજી, તા. ૧૬

મનોહર પાર્રિકર સરકારે ૪૦ સભ્યોના ગૃહમાં ૨૨ ધારાસભ્યોના સમર્થન સાથે ગોવા વિધાનસભામાં આજે વિશ્વાસ મત જીતી લેતા આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ગોવામાં રાજકીય અનિશ્ચિતતાનો હવે અંત આવ્યો છે. ચૂંટણીમાં હાલમાં જ કોઈપણ પાર્ટીને બહુમતી મળી ન હતી. જેથી ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ દેખાઈ રહી હતી. રાજકીય અનિશ્ચિતતાનો માહોલ હતો પરંતુ મનોહર પાર્રિકરે સ્થિરતા લાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ગોવામાં ૧૭ ધારાસભ્યો સાથે કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી પરંતુ કોંગ્રેસને માત્ર ૧૬ મત મળી શક્યા ન હતા. સરકારની સામે તેને ઘણી તકલીફ ઉભી થઈ હતી. તેના ધારાસભ્યો વિશ્વજીત રાણે મહત્વપૂર્ણ વિધાનસભામાં શક્તિ પરીક્ષણ દરમિયાન ગેરહાજર રહ્યા હતા. રાણેએ કોંગ્રેસ સાથે છેડો ફાડી લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# મિશન-૨૦૧૯ની રૂપરેખા તૈયાર

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની ઉપસ્થિતિમાં ભાજપ સંસદીય દળની બેઠક દેશના યુવાનો અને દલિતો સુધી પહોંચવા મોદી અને અમિત શાહની અપીલ**



નવી દિલ્હી, તા. ૧૬

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં અભૂતપૂર્વ સફળતા મેળવી લીધા બાદ ભાજપ સંસદીય દળની આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પાર્ટીના ટોચના નેતાઓએ ૨૦૧૯માં યોજાનારી લોકસભા ચૂંટણીને લઈને રણનીતિની રૂપરેખા તૈયાર કરી હતી. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાઓ સુધી પહોંચવા ભાજપના નેતાઓને સ્પષ્ટ સૂચના આપી હતી. યુવાનો વચ્ચે તેમની લોકપ્રિયતા વધારવા

● અનુસંધાન પાન-૭ પર

# શેરબજારમાં તેજી : નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટીએ

**સેન્સેક્સ તેજીના માહોલમાં ૧૮૮ પોઈન્ટ ઉછળીને ૨૯૫૮૫ની ઉંચી સપાટી પર તાતા સ્ટીલ, અદાણી પોર્ટ, હિન્ડાલકોમાં જોરદાર તેજીનો માહોલ રહ્યો**

મુંબઈ, તા. ૧૬

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ નવી ઉંચી સપાટીએ રહ્યો હતો. જયારે નિફ્ટીમાં પણ ઉલ્લેખનિય તેજી રહી હતી. નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટી ઉપર છે. જ્યારે સેન્સેક્સ લાઈફ ટાઈમ હાઈ સપાટીથી થોડાક અંતરે છે. ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મળ્યા બાદ શેરબજારમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેન્સેક્સમાં ૨૧૭ પોઈન્ટનો સુધાર રહ્યો હતો. જોકે સેન્સેક્સ આજે ૨૯૫૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે કારોબારના અંતે સેન્સેક્સમાં ૧૮૮ પોઈન્ટનો સુધારો નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ઉત્તરાખંડના ભાજપ ધારાસભ્યોની બેઠક

**આવતીકાલે બપોરે ત્રણ વાગ્યે શપથવિધિ સમારોહ**

નવી દિલ્હી, તા. ૧૬

ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી હાંસલ કરી લીધા બાદ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. આવતીકાલે શુક્રવારના દિવસે ભાજપ ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવામાં આવશે. નેતાનું નામ પાર્ટી હાઈકમાન્ડ દ્વારા નક્કી કરવામાં આવનાર છે. નવી સરકાર ૧૮મી માર્ચના દિવસે બપોરે ત્રણ વાગે શપથ લેશે. શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રાહુલ વિદેશ જવા રવાના



કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુરુવારે મોડી રાત્રે અમેરિકા જવા રવાના થયા છે. તેઓ સારવાર લઈ રહેલા સોનિયા ગાંધીની પાસે જઈ રહ્યા છે.

### ૨૦૦૯થી અત્યાર સુધી ૨૩ હજાર ખેડૂતોની આત્મહત્યા



દુષ્કાળ સહિતના વિવિધ કારણોસર મહારાષ્ટ્રમાં ૨૦૦૯થી અત્યાર સુધી ૨૩ હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાનું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યું છે. તેઓનું આ વિધાન ચર્ચાસ્પદ બન્યું છે.

### નવી ૫૦ કેન્દ્રિય વિદ્યાલયોને મંજૂરી

કેન્દ્રિય મંત્રીમંડળની બેઠકમાં ૫૦ કેન્દ્રિય વિદ્યાલયોની સ્થાપના માટે મંજૂરી અપાઈ છે. ધો-૧ થી ૫ના અભ્યાસક્રમમાં ૫૦ હજાર વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવાઈ છે.

### કેશવપ્રસાદ મૌર્ય હોસ્પિટલમાં દાખલ



ઉત્તરપ્રદેશના ભાજપના પ્રમુખ અને મુખ્યમંત્રીપદના અગ્રેસર કેશવપ્રસાદ મૌર્યને ગુરુવારે બપોરે એકાએક ચેસ્ટ પેઈનની ફરિયાદના પગલે રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

ઢીંચણ કે કમરનો દુઃખાવો તથા ચીકનગુનીયાનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
હીરાબા ચુરણ ગોળી
હીરાબા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ
હોમ ડીલીવરી આપવામાં આવશે
પ્રદીપભાઈ જોષી
M:7801892707

ક્લાસમેટ એકેડમી
બેચની વ્યવસ્થા સે.3 અને સે.૨૨
સમયઃ 8 to 10, સાંજે 7 to 9
GPSC -1/2
વર્ગ-3 જનરલ બેચ
ફ્રી ડેમો લેક્ચર તારીખ :- 20, 21, 22
ફ્રી માત્ર 9999/-
સે.૩, આન્ધ્રા બેંકની બાજુમાં, ઘ-૧/૫, બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર
બીજી શાખા સે.૨૨, પંચદેવ પાસે, રંગમંચ સામે
M. 98248 87985, 78787 87985

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઘેર ઘેર સોલાર અપનાવો
: Organized by :
: Supported by :
વીજ બીલ ઘટાડો
National Solar Energy Federation of India (NSEFI),
New Delhi with the support of
Climate Change Department, Government of Gujarat,
Gujarat Energy Development Agency (GEDA)
and Gandhinagar Municipal Corporation
cordially invite you to attend:
WORKSHOP ON
SOLAR ROOFTOP
AND NET METERING
GANDHINAGAR
મુખ્ય મહેમાન પદે
Shri Rajeev Kapoor, IAS
Secretary, MNRE, Govt. of India
સમારંભના અધ્યક્ષ સ્થાને
Shri Pravinbhai Patel,
Hon'ble Mayor of Gandhinagar
: DATE :
Friday, 17th March 2017
: TIME :
5.30 p.m. to 8.00 p.m.
: VENUE :
Dr. Babasaheb Ambedkar Bhavan,
Sector-12, Gandhinagar.
For More Details Contact : 90330 55355
Limited Seats.



હાર્દિક અભિનંદન
માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીના આર્શિવાદથી તથા પ્રદેશ મહામંત્રી તેમજ ઉત્તર ઝોનના પ્રભારી શ્રી કે.સી.પટેલ તથા પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી રમીલાબેન બારાની સૂચના અનુસાર મહાનગર પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા આપશ્રીની મહાનગરના ઉપાધ્યક્ષ તરીકેની નિમણૂંકને અમો આવકારીએ છીએ..ઉત્તરોતર પ્રગતિ કરો તેવી પ્રાર્થના..
અમૃત રામભાઈ દેસાઈ (મેરવાડા)
ઉપાધ્યક્ષશ્રી,
ગાંધીનગર મહાનગર
શુભેચ્છક
શ્રી જયરામ દેસાઈ (બાસણા)
શ્રી અભુ દેસાઈ (મોટેરા)
શ્રી કાનજી દેસાઈ (રાંન્ધેજ)
શ્રી વિક્રમ દેસાઈ (બબાસણા)
શ્રી દિનેશ દેસાઈ (ગણેશપુરા)
શ્રી આનંદ દેસાઈ (ચવેલી)
શ્રી જસુ દેસાઈ (રણાસણ)